સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કાયદાની ચરબી લઈને ફરે છે વર્દી!
ગુન્હેગારો પણ હવે તો પહેરે છે વર્દી!
મરજીથી, બિંદાસ્ત બેફામ વર્તે છે વર્દી!
ગિર્દીમાં પર્દી થઈ મદદમાં રહે છે વર્દી!

હાઈકુ

દીન-દયાનાં,
ભણાવી ગયાં પાઠ -
પ્રજા વત્સલ...
(અમ્માં ની અલવિદા)

બોલાવે 'પાસ'
છે બંન્નેની ગરજ -
લાવે છે પાસ...
(શરતો સ્વીકાર્ય)

ચિંતન

ષડ વિકાસ યહ દેહ કે, તિનકે, તિનકો ચિત્ત ન લગાય,
શોક, મોહ, પ્યાસીહ, ધુધા, જરા મૃત્યુ નશિ જાય.

ઉપરોક્ત ચોપાઈ કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે. ભગવાન બુદ્ધને જરા, મૃત્યુ, રોગ જેવી પીડા જોઈને, જીવનમાં માણસને થતી વ્યાધિ જોઈને ગ્લાનિ થઈ હતી. તેમની સાધનાનું આ નિમિત્ત હતું. કબીર શોક, મોહ, ભૂખ, તરસ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુને શરીરના વિકાર કહે છે. અન્ય રીતે વિચારીએ તો આ શરીર અને મન સાથે સંકળાયેલા ગુણદોષ છે. રોજબરોજની જિંદગીમાં મોટાભાગની વ્યક્તિઓનો સમય આ અંગેની બાબતોની ચિંતામાં / પ્રવૃત્તિમાં વ્યતિત થયો હોય છે. આના કારમે ચિત્તમાં વિષાદની લાગણી જન્મે છે. કર્તવ્ય મૂઢતા આવે છે. હેલન કેલર અંધત્વ, બહેરાશ અને વાણીથી વંચિત હતી પરંતુ યોગ્ય શિક્ષકની મદદથી અને ખંતથી પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો. જેનું મનોબળ દઢ છે તેના માટે સાધના સરળ બને છે.

સુવિચાર

- ઉમળકા વગરના સંબંધો કરતાં સંબંધ વગરનો ઉમળકો સારો - **જનકલ્યાણ**
- રોગમાં તમે જેટલા ઊંડા ઉતરશો એટલો રોગ તમારામાં ઊંડો ઊતરશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંત બડે પરમાર્થી, શીતલ વાકો અંગ, તપન બુઝાવત ઔરોં કી, દે દે અપનો રંગ - **જીવનસૂત્ર**
- અસંતોષ પરાજયનું બીજું નામ છે - **ઠક્કર બાપા**
- જે ઈશ્વર ને પીછાણે છે તે નમ્ર છે, જે પોતાને ઓળખે છે તે અભિમાની ન થઈ શકે - **હરીન્દ્ર દવે**
- કદી કીચડ ન ઉછાળો, શક્ય છે તમે તમારું ધ્યેય ચૂકી જાવ,
  પરંતુ તમારા હાથ તો ગંદા થઈ જ જશે - **જોસેફ પાર્કર**
- આજનું ઔષધ : ઘઉં અને ચણાને સાથે ઉકાળીને તે ઉકાળામાં ચપટી સુરોખાર નાખી પીવાથી પથરી ભૂકો થઈ પેશાબ વાટે નીકળે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજકાલ તો 'માણસ' પ્રધાન-અધિકારી થાય પછી 'માણસ' રહેતો નથી રોબોટ થઈ જાય. દવા પીવડાવનારા - શું ખાવું ન ખાવું ન ખાવું કેટલું ખાવું એ બધું ધ્યાન રાખનારા આસપાસ હાજર જ હોય - 'સાહેબ'ને વિચારવા ને 'સહી' કરવા સિવાય કંઈ જ કરવાનું નહીં - વિચારતા પણ હશે કે કેમ! કોને ખબર!!

અબ્રાહ્મ લિંકન અમેરિકાના પ્રમુક થયા - તેઓશ્રી સંપૂર્ણ સ્વાશ્રયી હતા. પોતાનું બધું જ કામ જાતે જ કરતા - પ્રમુખ થયા પછી પણ આ સિલસિલો તેમને ચાલુ જ રાખ્યો. એક સવારે સચિવાલય જવા લિંકન તૈયારી કરતા હતા. ત્યારે બૂટ પોલિસ કરવા બેઠા હતા. બરાબર તે જ સમયે તેમના સેક્રેટરી આવ્યા અને જોયું કે લિંકન સાહેબ તો જાતે પોલિસ કરતા હતા. તેમનાથી બૂમની જેમ પ્રશ્ન થઈ ગયો. અરેરે સાહેબ! તમે આ શું કરો છો? લિંકને સાવ સ્વાભાવિક રીતે જવાબ દીધો - મારા બૂટને પોલીસ કરું છું કેમ?!

સાહેબ બોલ્યા - હવે આ પદ સુધી પહોંચ્યા પછી આવાં કામ તમારે નહીં કરવાનાં - માણસો છે ને! કોઈ મહાનુભાવ જોઈ જાય તો શરમજનક કહેવાય!! લિંકન કહે - મારું કામ હું જાતે કરું એમાં શરમ શાની? દરેકે પોતાનું કામ તો જાતે જ કરવું જોઈએ.

ફાયદો અનિશ્ચિત છે... ગેરફાયદો અનુભવાય છે

...એજ લાઈનો... એજ ફરિયાદો... એજ અખબારી અહેવાલો... અને એક કકળાટ... નોટબંધીના એક મહિનાના અંતે જે સ્થિતિ ૧૦મી નવેમ્બર હતી. તેવી જ સ્થિતિ ૯મી ડિસેમ્બરે છે. દેશનું એક પણ અખબાર ૩૦ દિવસમાં એકેય દિવસ બેંક લાઈનોની તસ્વીરો વિનાનું છપાયું નથી. મધ્યમ વર્ગ અને સામાન્ય વર્ગની હાલાકી નવલકથાઓની નવલકથાઓ ભરાય એટલી છપાઈ છે. ૮૪ દેશવાસીઓના મૃત્યુ નોટબંધીના કકળાટમાં થયા છે. વેપારધંધામાં ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો વર્તાય છે. સમગ્ર આર્થિક વહેવારની ગતિ ધીમી પડી ગઈ છે. ૪૫ ટકા જેવા અશિક્ષિત નાગરિકો ઈ-બેન્કીંગ અને કેશલેશ પ્રક્રિયાથી મૂંઝવણ અનુભવે છે. આર્થિક અરાજકતાના અહેવાલો દસેય દિશાઓમાંથી પડઘાય છે. ૧૪.૯૫ કરોડની મોટી નોટની કરન્સી હતી તેમાંથી ૧૩ લાખ કરોડ ભરાઈ ગયાના અહેવાલે સૌને ચોંકાવી દીધા છે. સરકાર અને આરબીઆઈ બંને મૂંઝવણમાં છે. હવે ઉપાયો શોધાય છે. પણ નુકશાન સામાન્ય વર્ગને ખુબ મોટા પ્રમાણમાં થઈ ગયું છે.

કાળા નાણાંને પકડવા તથા બનાવટી નોટોને નાથવા કરાયેલી નોટબંધી પરિણામલક્ષી બનશે કે કેમ એ આજનો યક્ષ પ્રશ્ન છે. બેંક સાથેના સારા સંબંધોને કારણે કરોડો રૂપિયાની જૂની નોટો નવી નોટોમાં બદલાઈ ગઈ છે એ આંકડા જ બતાવે છે. કાળું નાણું બદલાયેલી નોટોમાં યથાવત રહ્યું છે. એ સત્તાધીશો માને કે ના માને પણ સામી ભીંતે લખેલા સત્ય જેવું છે. ૩૦ દિવસના અંતે બેંકો ઉપર તવાઈ શરુ થઈ છે પણ ઘોટા છૂટી ગયા પછી તબેલાને તાળું મારવા જેવી વાત છે. શાસક વર્તુળના આશીર્વાદથી રાજકીય પદાધિકારીઓ અને અધિકારીઓની નોટો સિફતપૂર્વક બદલાઈ છે. એ સામાન્ય પ્રજા પણ જાણે જ છે. હજુ ૨૧ દિવસ બાકી છે ત્યારે જૂની નોટો જમા થવામાં આરબીઆઈએ ન ધારેલા આંકડા સામે આવે તો સહેજ પણ નવાઈ પામવા જેવું નથી. બજારમાં ૧૫ થી ૨૦ ટકા નોટો બદલનારા એજન્ટો આજે પણ એટલા જ સક્રિય છે. એટલે કદાચ જૂની નોટો જમા થવાના આંકડા સૌને ચૌંકાવી દેશે એમાં બે મત નથી.

નોટબંધીનો નિર્ણય હિંમતપૂર્વકનો છે એમાં કોઈ શંકા નથી પરંતુ એના અમલમાં ભયંકર ગાબડાં છે. એ એટલી જ સાચી વાત છે. કાળાં નાણાં નાથવાનો પ્રધાનમંત્રીનો મનસુબો ફળીભૂત થાય તો એના જેવો કોઈ આનંદ ના હોઈ શકે. પરંતુ નહિ થાય તેવાં એંધાણ ૩૦ દિવસમાં આંખે ઊડીને વળગે છે. ફાયદો શું થયો? એ હજુ કોઈને ખબર નથી પરંતુ ગેરકાયદો શું થઈ રહ્યો છે એ સીધો દેખાય છે...

તંત્રીસ્થાનેથી...

રિઝર્વ બેંક જ કહે કે જીડીપીનો દર ૭.૬ થી ઘટીને ૭.૧ ઉપર પહોંચશે. બેંકોમાં કેશ વધવા છતાં ય લોન સસ્તી કરી શકાય તેમ નથી... ભ્રષ્ટાચારના નવા કેન્દ્રો ખુલતા જાય છે. નોટો બદલવામાં વ્યાપક ગેરરીતી ખુલી રહી છે. કરોડો રૂપિયાની નવી નોટો ઠેકઠેખાણેથી પકડાઈ રહી છે. દેશના ૬૦ ટકાથી વધુ એટીએમ બંધ હોવાથી નાગરિકોની લાઈનો હજુ યથાવત છે. નાણાં ઉપાડવાની મર્યાદાઓને કારણે મધ્યમ વર્ગીય સમાજ ચિંતાજનક હાલતમાં જીવે છે. નવી ચલણી નોટોની ડુપ્લીકેટ નોટો પણ ચિંતાજનક રીતે બજારમાં દેખાય છે. આમ નોટબંધીના ઉધાર પાસે પલ્લુ નમતું જાય છે. ફાયદો થશે એ અનિશ્ચિત છે. પણ ગેરફાયદો તો હાજરેહાજુર છે. રિઝર્વ બેંક અને નાણાં મંત્રાલય સામાન્ય પ્રજાને પડતી મુશ્કેલીઓના ઉપાયો તાકીદે શોધીને રાહત આપે એ અનિવાર્ય બની રહ્યું છે. નોટબંધીના રાજકીય લાભાલાભ જે થશે તે અને જેને થશે તેને હાલ સામાજિક લાભાલાભમાં સરકાર પ્રજાની સાથે રહે તે સમયની માંગ છે.

'માણસ' હોવાની શોધનું કાવ્ય

કાવ્ય પરિચય

દક્ષા ડી ભાવસાર

કેટલાક
માણસોને ઘર નથી,
કેટલાક
માણસો ઘરમાં નથી,
કેટલાક
માણસોમાં ઘર નથી,
કેટલાક
માણસો ઘર માટે નથી,
કેટલાક
માણસો માટે ઘર નથી,
હું કયો માણસ ગણાઉં?
માણસ ગણાઉં?

- કવિ જયંતિભાઈ નાયી

કવિ જયંતિભાઈ નાયી મૂળ તો સરકારી કર્મચારી. પરંતુ વાચનનો અત્યંત શોધ ધરાવનારા આ કવિ સાહિત્યના પુસ્તકો- સામયિકો પોતે ખરીદે અને વાંચે. અસ્મિતાપર્વથી લઈ સાહિત્યની કોઈ પણ વિધામાં કવિની હાજરી - ગતિ - જીવંત રસ. મૂળ ચાણસ્મા તાલુકાના વડાવલીના આ કવિ એથી જ કદાચ સર્જકપ્રક્રિયા સાથે પણ જોડાયા હોય.

સાત્ત્વિક પ્રકૃતિના આ કવિની આ રચના સુરેશ દલાલ સંપાદિત 'બૃહત્ ગુજરાતી કવિતા સમૃદ્ધિ'માં આપેલ છે. સ્વાભાવિક છે કે સારા કાવ્યોની પસંદગી આ સંપાદનમાં સુરેશ દલાલે કરી છે. ગુજરાતી આદિ કવિ નરસિંહ મહેતાથી લઈ સાંપ્રત સમયના નવોદિત નોંધનીય કવિ સૌમ્ય જોશી સુધીના કવિઓની માતબર રચનાઓનું આ સંપાદન દષ્ટિવંત સંપાદન સુરેશ દલાલની કવિતા માટેની ખેવના અને સૂઝનો આવકારદાયક - પ્રશસ્ય પુરાવો છે.

ગુજરાતી ભાષામાં અછાંદસ કવિતાનો પાયો મહાકવિ ન્હાનાલો નાખ્યો. ન્હાનાલાલ પદ્મમુક્તિ ઝંખતા હતા પણ ગદ્યથી સંપૂર્ણ મુક્ત એવી શૈલી તેઓ અપનાવી ન શક્યા અને એમની નાવ અપદ્યાગદ્યના કિનારે જઈ નાંગરી. કવિની આ દિશામાં પડેલ ઐતિહાસિક ગણાઈ.એ પછી ગાંધીયુગના કવિ ઉમાશંકરે છંદમુક્તિના એંધાણ એમની રચનાઓમાં આપ્યા. આધુનિક યુગમાં સુરેશ જોશીએ પશ્ચિમના કાવ્યોના કરેલા અનુવાદો અને યંત્રસંસ્કૃતિ - નગર સંસ્કૃતિ - માનવીય મૂલ્યોના હ્રાસને સર્જતી પરિસ્થિતિઓ, વિશ્વયુદ્ધ વગેરેથી મનુષ્યના સ્થાપિત પરંપરાગત ખ્યાલોને સમાજરચનાનું માળખું સતત તૂટ્યું રહ્યું.

સાહિત્ય અને કલા ઉપર પણ આ અસરો ઝીલાઈ. ગુજરાતીમાં કવિતામાં જીવનમાં જ લય ન હોય તો કવિતામાં કેવી રીતે તે જળવાય એ વિચાર સબળતાથી પ્રસર્યો. કવિઓ છંદમુક્તિ તરફ વળ્યા. અછાંદસ કવિતાની શરુઆત આમ થઈ. છંદ આવડતા છંદમુક્તિ તરફ જવું એવી સ્થિતિ સર્જાઈ તે આંતરિક અનિવાર્યતાએ.

વડોદરા (ક્ષિતિજ, પ્રકાશન અને સુરેશ જોષીના અનુવાદો તથા અન્ય કવિઓ પ્રાસન્નેય, ગુલાલ મોહમ્મદ શેખ ઈત્યાદિ સક્રિયતા), અમદાવાદ ('રે' મઠના કવિઓ આદિલ મન્સુરી, ચિનુ મોદી, દિનેશ કોઠારી, સુભાષ શાહ, લાભશંકર ઠાકર, મનહર મોદી જેવા ઘણાં કવિઓની સભાનતાથી છંદમુક્તિ તરફની ગતિ)માં જે આંદોલનો થયા એને લીધે અછાંદસ કવિતા 'વિદ્રોહના' સૂર રૂપે પ્રગટી.

કવિ જયંતિભાઈની આ રચનામાં 'માણસ'ના જીવન અને માણસના પોતાના અસ્તિત્વ વિશેનું સંવેદન ખૂબ બળકટતાથી ઝીલાયું છે. આ દુનિયામાં મનુષ્ય જ નહીં પ્રત્યેક જીવંત તત્ત્વ સંઘર્ષ કરતું આવ્યું છે. અસ્તિત્વનો - હયાતીનો સંઘર્ષ કવિએ પણ કર્યો જ હોય. કાવ્યમાં પ્રત્યેક પંક્તિના અંતે 'નથી' શબ્દનું આવર્તન કાવ્યમાં 'નકાર'ના સૂરને વધુ ને વધુ દઢ કરે છે અને 'નથી' ને અભાવને સાદ્યંત દોહરાવી વેદનાના સંવેદનને સાકાર કરે છે. અહીં 'માણસ'ની ચિંતા છે. માણસની હયાતિ અને હોવાપણાની અને એના વજૂદની ઓળખની વાત છે. ગરીબી અને ફૂટપાથ પર કે ઝૂંપડાઓમાં જીવન ગુજારતા માણસો માટે સમસંવેદનથી કવિ કહે છે કે 'કેટલાક માણસોને ઘેર નથી.' માણસો - જે ઘર વગરના છે, બેહાલ છે, ઉપર આભને નીચે ધરતી એવું મુફલિસ જીવન જીવે છે. તો આગળની પંક્તિમાં કવિ કહે છે કેટલાક માણસો ઘરમાં નથી,' વાત અભિધાના અર્થમાં લઈએ તો કેટલાક માણસો ઘરમાં 'હાજર' નથી એમ પણ માની શકાય પણ કવિ તો અહીં કહેવા માંગે છે કે કેટલાક માણસો ઘરમાં હાજર છતાં

અનુસંધાન પાના નં. ૭ પર

ગુજરાતી સાહિત્યમાં કયો સમય પંડિત યુગના નામે ઓળખાય છે?

ખજાનો

અનિલ પટેલ

ગુજરાતી સાહિત્ય

(૧) 'અવળવાણિયા' કયા સાહિત્યકારનું ઉપનામ છે ?
(અ) બકુલ ત્રિપાઠી (બ) જયોતીન્દ્ર દવે
(ક) વિનોદ પંડ્યા (ડ) રાજેન્દ્ર શાહ

(૨) લઘુકથાને પ્રચલિત કરવામાં કોનો મુખ્ય ફાળો છે ?
(અ) મોહનલાલ પટેલ (બ) પન્નાલાલ પટેલ
(ક) પીતાંબર પટેલ (ડ) મણીભાઈ પટેલ

(૩) ગુજરાતીમાં આત્મલગ્નની પ્રણવભાવના કયા કવિએ ગાઈ છે?
(અ) દલપતરામ (બ) આનંદશંકર ધ્રુવ
(ક) ભાલણ (ડ) ન્હાનાલાલ

(૪) પરાવાસ્તવવાદના પ્રણેતા કવિ તરીકે કોણ ઓળખાય છે?
(અ) સિતાંશુ યશચંદ્ર (બ) પુષ્કર ચંદરવાકર
(ક) રા.વિ. પાઠક (ડ) મનુભાઈ પંચોળી

(૫) બાલાભાઈ વિરચંદભાઈ દેસાઈનું ઉપનામ શું છે ?
(અ) પ્રેમભક્તિ (બ) અડગ
(ક) વૈશંપાયન (ડ) જય ભિખ્ખુ

(૬) કયા ગુજરાતી કવિએ દાંડીયાત્રામાં ભાગ લીધો હતો ?
(અ) ન્હાનાલાલ (બ) કૃષ્ણલાલ શ્રીધરાણી
(ક) નગીનદાસ પારેખ (ડ) સ્વામી આનંદ

(૭) ગઝલકાર હરજીભાઈ લવજીભાઈ દામાણીનું ઉપનામ શું હતું ?
(અ) શયદા (બ) મરીઝ
(ક) આનંદ (ડ) પ્રીતમ

(૮) ગુજરાતી ભાષાની પ્રથમ એકાંકી 'લોમહર્ષિણી' ના લેખક કોણ છે ?
(અ) કવિ ત્રાપજકર (બ) બટુભાઈ ઉમરવાડિયા
(ક) રાવજી પટેલ (ડ) ધીરેન્દ્ર મહેતા

(૯) 'ઢાઈ અક્ષર હાસ્ય કા' કોની રચના છે?
(અ) નિરંજન ત્રિવેદી (બ) મોહન પરમાર
(ક) જયંત દવે (ડ) જયોતિન્દ્ર દવે

(૧૦) ઉમા-સ્નેહરશ્મિ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે?
(અ) ગોવર્ધનરામ ત્રિપાઠી (બ) નિરંજન ત્રિવેદી
(ક) ઉમાશંકર જોષી (ડ) કનૈયાલાલ મુનશી

(૧૧) ગુજરાતી સાહિત્યમાં કયો સમય પંડિત યુગના નામે ઓળખાય છે?
(અ) ઈ.સ. ૧૮૮૫-૧૯૦૦ (બ) ઈ.સ.૧૮૮૫-૧૯૨૦
(ક) ઈ.સ. ૧૯૦૦-૧૯૨૦ (ડ) ઈ.સ.૧૯૨૦-૧૯૩૫

(૧૨) કયા સાહિત્યકાર પોતાને ગુજરાતી સાહિત્ય-આકાશનો 'પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ' તરીકે ઓળખાવે છે?
(અ) કવિ ન્હાનાલાલ (બ) ઉમાશંકર જોષી
(ક) કવિ ભાલણ (ડ) કનૈયાલાલ મુનશી

(૧૩) ગુજરાતી ભાષાની પ્રથમ સામાજિક નવલકથા 'સાસુ વહુની લડાઈ' ના લેખક કોણ છે?
(અ) પ્રિયકાન્ત મણિયાર (બ) રઘુવીર ચૌધરી
(ક) મહીપતરામ નીલકંઠ (ડ) જયોતિન્દ્ર દવે

(૧૪) નાનાલાલ મોતીલાલ ત્રિવેદી કયા નામથી સુપ્રસિદ્ધ છે?
(અ) સ્વામી આનંદ (બ) સ્વામી સચ્ચિદાનંદ
(ક) સ્વામી ભારતી (ડ) સ્વામી અગ્નિવેશ

(૧૫) ઉમાશંકર જોષીએ કયા કવિની કવિતાને 'આંખ, અને કાન અને નાકની કવિતા' ગણાવી છે?
(અ) પ્રહલાદ પારેખ (બ) નરસિંહરાવ દિવેટીયા
(ક) દયારામ (ડ) સિતાંશુ યશચંદ્ર

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- **૯ ડિસેમ્બર ૧૯૦૦ : જોસેફ નિધમ :** ઈંગ્લીશ બાયોકેમીસ્ટ. 'સાયન્સ એન્ડ સિવિલાઈઝેશન ઈન ચાઈના' પુસ્તકના લેખક.
- **૯ ડિસેમ્બર ૧૮૮૬ : ક્લીયરન્સ બર્ડસે :** અમેરીકન પ્રકૃતિવિદ. ડીપ ફ્રિઝીંગ ફૂજ મેથર્ડના શોધક, જનરલ ફૂડ કોર્પોરેશનના સહ સંસ્થાપક.
- **૧૦ ડિસેમ્બર ૧૮૫૫ : હેનરી નિકોલસ રિડલે :** ઈંગ્લીસ બોટાનીસ્ટ. 'રબર ઈન્ડસ્ટ્રીઝ' ના સ્થાપક.
- **૧૦ ડિસેમ્બર ૧૮૫૧ : મેલ્વીલ ડીવેઈ :** અમેરીકન લાયબ્રેરીયન, અમેરિકામાં લાયબ્રેરી સાયન્સ શરુ કરનાર.
- **૧૧ ડિસેમ્બર ૧૮૮૨ : મેક્સ બોર્ન :** બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી. ક્વોન્ટમ્ થિયેરી સંલગ્ન સંશોધન માટે ૧૯૫૪માં નોબલ પ્રાઈઝ મળ્યું હતું.
- **૧૧ ડિસેમ્બર ૧૮૫૮ : જેમ્સ લ્યુઈસ ક્રાફ્ટ :** કેનેડીયન - અમેરીકન પેચ્યુરાઈઝીંગ ચીઝ પ્રોસેસીંગ યુનિટના શોધક અને મેન્યુફેકચરર.
- **૧૨ ડિસેમ્બર ૧૯૦૩ : રોઝ એફ નિગ્રીલી :** અમેરીકન મરીન બાયોલોજીસ્ટ, દરિયાઈ જીવોના રોગો પર સંશોધન કરનાર
- **૧૨ ડિસેમ્બર ૧૯૦૦ : મારીયા ટેલ્કેસ :** હંગેરીયન - અમેરીકન ભૌતિક-રસાયણશાસ્ત્રી. પાણીના નિસ્યંદન માટે સોલર એનર્જીનો ઉપયોગ કરનાર.
- **૧૩ ડિસેમ્બર ૧૮૪૪ : જહોન હેનરી પેટરસન :** અમેરીકન ઉદ્યોગપતિ નેશનલ કેસ રજીસ્ટર કંપનીના સ્થાપક, સંશોધક.
- **૧૩ ડિસેમ્બર ૧૮૩૮ : પિયરી - મેરી - એલેક્ષીસ મિલાર્ડેટ :** ફ્રેન્ચ બોટાનીસ્ટ, 'ફંજીસાઈડ' ડેવલપ કરનાર વૈજ્ઞાનિક
- **૧૪ ડિસેમ્બર ૧૮૫૭ : સર વિલિયમ વોટશન ચેમને :** સ્કોટીસ સર્જન, અને બેક્ટેરીયોલોજીસ્ટ, એન્ટી સેપ્ટીક સર્જિકલ મેથર્ડ આપનાર.
- **૧૪ ડિસેમ્બર ૧૮૨૦ : અબ્રાહ લીલે :** સ્કોટીસ સંશોધક, શીપ ઓનર તથા સુગર રીફાઈનર.
- **૧૫ ડિસેમ્બર ૧૮૬૦ : નિલ્સ રિબર્ગ ફિનશેન :** ડેનિશ ફિજીશીયન, 'પેથોથેરાપી'ના સ્થાપક.
- **૧૫ ડિસેમ્બર ૧૮૫૯ : ઝેમન હોફ :** પોલીસ ફીઝીશીયન, ઈન્ટરનેશનલ આર્ટિફિશિયલ લેગ્વેંઝ 'એસ્પેરેન્ટો' તૈયાર કરનાર.

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પ્રથમ ગવર્નર કોણ હતા?
જવાબ : 'ઓસ્બોર્ન સ્મીથ'

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : સે-૬બી, ૬૨૦/૧ (૪) ધાર્મિક એસ. પટેલ : ધોળેશ્વર પાસે, ગાયત્રી રેસીડેન્સી (૫) મહેશ એમ. જાદવ : રાયસણ (૬) નટુભાઈ દરજી : પેથાપુર

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

સ્વ. જયલલિતા તમિલનાડુમાં પ્રથમવાર મુખ્યમંત્રી ક્યારે બન્યા હતા?

'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) અ (૫) ડ (૬) બ (૭) અ (૮) બ (૯) અ
(૧૦) ક (૧૧) બ (૧૨) અ (૧૩) ક (૧૪) બ (૧૫) અ

નવી જૂની નોટોનું રાજકારણ અને સ્વાસ્થ્ય

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અરે ભાઈ આતો કઈ વિષય છે ? હા કે ના જવાબ આપવો અઘરો છે.અત્યારે દરેક માણસ ના મગજ માં સવાલ નવી જૂની નોટો અને રાજકારણનો છે. ૧૨૫ કરોડની વસ્તીમાં કદાચ ૨૫ કરોડ લોકો એવા હશે.કે જેમની જૂની નોટો બંધ કરવાથી, સારી અથવા તો ખોટી રાસાયણિક પ્રક્રિયા થાય. મયંક જૈન ને ૮ મી નવેમ્બરના રોજ સાંજે પ્રધાન મંત્રીનું રાષ્ટ્રજોગ ઉદબોધન ની એવી તો અસર થઈ કે રાત્રે ને દિવસે સુવ્યાજ કરે છે અને જાગે ત્યારે ગમેતેમ બોલ્યા કરે છે. મયંક જૈન એક નાનો ધંધા દારી માણસ છે એની પાસે નથી કરોડો નો ધંધો કે નથી મોટી એવી કોઈ વગ છતાં પણ મયંક પર બહુ મોટી અસર થઈ .જેમ ૫ મી તારીખે જયલલિતા એ પોતાનો દેહ છોડી દીધો આપને તો ગયા નથી પણ ટીવી ઉપર જોતા એવું લાગે છે કે જાણે અખા તમિલનાડુ રાજ્યમાં કહેવાય કે ઘરનું માણસ ગયું હોય એમ લાગે છે,રાષ્ટ્રપતિ, પ્રધાન મંત્રીથી માંડી નાના મોટા કદ ના બધાજ રાજકારણીઓ તમીલનાડુમાં ઉતરી પડ્યાજોકે આમાં રાજકારણીઓ ને કસીજ અસર થવાની નથી, ફક્ત એક પ્રોટોકોલ માટે ત્યાં તમીલનાડુ પહોચ્યા હતા. તો અસર કોને થઈ? અમ્મુથી અમ્મા જેમને બનાવ્યા તે લોકો ને એની અસર સવિશેષ થઈ. ટીવી પર જોતા એવું લાગે કે લોકો કેટલા દુઃખી છે કેટલાને હૃદયરોગનો હુમલો થયો કેટલાય માંદા પડી ગયા ઘણા ડીપ્રેસનમાં આવી ગયા કેટલાય લોકો એ આત્મહત્યા ની કોશીસ કરી ,કેટલાય લોકો એ માથું મૂંડાવ્યું.

શું કહેવાય આને ? એવું તો શું ગરીબો માટે કામ કર્યું? એવું શું જાદુ કર્યું લોકો ઉપર? જેનાથી લોકોપોતાના ઘર ના માણસ કરતા વધારે જયલલીતા ને માન આપે છે શું કર્યું ને શું ના કર્યું એતો ત્રિવેન્દ્રમના લોકો ને જોઈને જ ખબર પડે.પણ લોક લાડીલા નેતા તરીકે આખા ભારતે તેમને મજબુત રીતે અપનાવ્યા છે.

અરે ભાઈ તમે આડા પાટા પર શું કામ દોડો છો તમારે નોટ બંધી અને જયલલીતામાં શું લેવા દેવા? લેવા દેવા છે ભાઈ જેમ શિયાળામાં ઠંડી લાગે શરદી થાય, ઉધરસ થાય, ન્યુમોનિયા થાય, સ્વાઈન ફ્લુ થાય કોણ જાણે કઈ કેટલી પ્રકાર ના રોગ થાય તેતો હજી મેડીકલ સાયન્સને શોધવાનું જ બાકી છે કે કયાં વાઈરસથી કયો રોગ થાય. અરે ભાઈ ઉનાળો લો ટાયફોઈડ, કમળો કે મલેરિયા પાછુ લટકાનું વાઈરસ તો ખરોજ, ચોમાંસુ લઈ લો જેમાં મલેરિયા, ડેન્ગ્યુ મલેરિયા,ચીકન ગુનિયા અને UTI એટલે યુરીનરી ટ્રેકટ ઈન્ફેકસન આ બધા રોગ થાય. જેમ માનવ સમાજ ઉપર જુદી જુદી ઋતુઓની અસર થાય કે તેવી જ રીતે રોજ બરોજની સુઘટનાઓ અને કુઘટનાઓનો સીધી જ અસર માનવ સમાજ અને માનવ શરીર પર પડે છે એમાં સ્ત્રી, પુરુષ અને બાળકોમાં ચોક્કસ જુદી-જુદી, બાળકો અને બહેનોમાં દરેક પરિસ્થિતિની અસર વધારે થતી હોય છે જયારે પુરુષમાં આવા પરિબળોની અસર સ્ત્રીઓ અને બાળકો કરતા થોડા ઓછા પ્રમાણ માં હોય છે તમાર ઘરની બાજુમાં કોઈ પડોશી અચાનક ગુજરી જાય અથવા તો મોટો અકસ્માત થઈ જાય તો પણ તેની અસર શું થાય તે મારે કહેવાની જરૂર નથી.

અચાનક ૫૦૦ અને ૧૦૦૦ની રૂપિયાની નોટો બંધ કરવાથી લોકો હબકી ગયા છે એ જુદી વાત છે કે નરેન્દ્ર ભાઈનો જયજયકાર આખી દુનિયામાં થઈ ગયો. કયાંક એવું પણ લાગે છે કયાંક ઉતાવળ થઈ ગઈ છે પણ સુપરમેન તો આમ જ આવતા હોય છે ફેન્ટમ ગુમ્બો મારે તો ફેન્ટમની છાપ માણસ જીવે ત્યાં સુધી રહે,આવુ જ કંઈક નરેન્દ્રભાઈ એ વિચાર્યું હશે? બીજા સહેલા લોકો ને ગમે એવા રસ્તા હતા પણ અમે તો ગુજરાતી ગુજ્જુ ભાઈ આવુ જ કરે કેવી રીતે કહો તો બીજો રસ્તો શું છે તમારી પાસે તમારે લોકો પાસે પડેલા કહેવાતા કાળાં નાણા બહાર કાઢવા હતા ને ? જો ઈન્કમટેક્ષના સ્લેબ ઓછા કરી અથવા તો ઈન્કમટેક્ષ સંપૂર્ણ નાબુદ કરી લોકો ને ખુશી ખુશી પૈસા બેંકમાં ભરી ઈન્કમટેક્ષ ભરી કોઈક નોટ બદલ્યા સિવાય કે બંધ કાર્ય સિવાય સહેલીથી આ કામ થઈ શક્યું હોત. હા આ કામમાં બધાની જીત થઈ હોત અને નરેન્દ્ર ભાઈ જીવે ત્યાં સુધી પ્રધાનમંત્રી રહેત. પણ હા આવી હિરોઈક ઈમેજના આવત. લોકો પર શું અસર થઈ છે લોકોના ધંધા રોજગાર તો ૫૦ ટકા ઓછા થઈ ગયા છે,ચારે બાજુ વેપારી જગતમાં સ્મશાનવત્ શાંતિ છે રોજ રોજ કેંક નવા ફતવા બહાર પડી રહ્યા છે, રાતોરાત ભારતને સિંગાપુર કે અમેરિકા બનાવી દેવું છે સારી વાત છે ભગવાન સર્વે ને સદબુદ્ધિ આપે લોકો પ્રમાણિક બને અને પ્લાસ્ટિક મનીનો ઉપયોગ કરી,ઓનલાઈન પેમેન્ટ કરી સુખી થાય. ભાઈ આમાં તબિયત કયાં આવી જેમની પાસે કરોડો રૂપિયા જુના હતા તેમને તો ઠંડા કલેજે પોતાનો વહીવટ પતાવી દીધો જે લોકો આજે કમાય છે અને આજે ખાય છે એમને તો કોઈ ચિંતા જ નથી પણ નાના ઉદ્યોગો વાળા અને મધ્યમ વર્ગ છે એ લોકો સામાન્ય રીતે પ્રમાણિક હોય છે તેમને ના થવી જોઈએ છતાં પણ વધારે અસર થઈ છે ઘણા માનસિક રીતે બીમાર પડી ગયા છે ઘણા શારીરિક રીતે બીમાર પડી ગયા છે

અમારી બાજુમાં એક ભાઈ દસેક લાખ રૂપિયા લઈ ક્યાંક વહીવટ કરવા ગયા હતા રસ્તામાં ટોલનાકા ઉપર પોલીસની નજરમાં આવી ગયા, બિચારા બહુ હેરાન છે પૈસા પણ ગયા ઈજ્જત પણ ગઈ અને હૃદયરોગના હુમલાને લીધે ICCUમાં વેન્ટીલેટરમાં પડ્યા છે.

અનુસંધાન પાના નં. ૭ પર